હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમે ચુંટણીમાં પણ રાજકારણને વચ્ચે નથી લાવતા... જીતે એવો ઊમેદવાર ચાહે ગમે તે પક્ષનો હોય તેને દીલથી આવકારીએ છીએ...!!!

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ નો ગરબો યોજાયો હતો જેમાં મોટી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં શખ્સે

ડ્રાઈવર-પટાવાળા તરીકે ફરજ બતાવી રૂ.૨.૭૮ લાખની ઉચાપત

એક જ સમયમાં એક સાથે બે સ્થળ પર નોકરી દર્શાવી પગાર લીધો છતા વિભાગને જાણ ન થઈ, ડ્રાઈવર તરીકે પગાર ચુકવનાર બે ખાનગી એજન્સીએ વિભાગમાં રૂ.૩ લાખ જમા કરાવ્યા

ગાંધીનગર, તા.૬

નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય ખાતે ખાનગી એજન્સી હેઠળ ડ્રાઈવર અને પટાવાળા તરીકે એક જ સમયમાં એક સાથે બે સ્થળ પર ફરજ બતાવી ખોટી રીતે રૂ.૨.૭૮ લાખનો પગાર લીધો છે. ત્યારે આ માસ્ટર માઈન્ડ ડ્રાઈવર કમ પ્યુને સરકારી પૈસાની હંગામી ઉચાપત કરી હોવાની ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ખાતે રહેતા અને સિંચાઈ યાંત્રીક પેટા વિભાગ નં.૫-૨ સેકટર-૧૩ ખાતે મદદનીશ ઈજનેર તરીકે કલ્પેશકુમાર આંટીયા ફરજ બજાવે છે. નાયબ કાર્યપાલક ઈજનેર રજા પર જતા તા.૧-૧૦-૨૨ થી ૨૭-૧-૨૨ સુધી ચાર્જ પણ તેમની પાસે હતો. વાહનપુલ કચેરી દ્વારા સિંચાઈ વિભાગ ઉચ્ચ અધિકારીઓ, મંત્રીશ્રી કાર્યાલય, સરકારી મહાનુભાવો તેમજ મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓને સરકારી વાહનની સેવા પુરી પાડવામાં આવે છે. આ સરકારી વાહનોની ફાળવણી, મરામત તેમજ જાળવણી નું કામ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તમામ સરકારી વાહનો છે પરંતુ તેમા ડ્રાઈવર તરીકે ખાનગી એજન્સી હેઠળ લેવામાં આવે છે. ખાનગી એજન્સીના ડ્રાઈવરોની હાજરી જે તે વિભાગમાંથી મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ તેમનો પગાર ચુકવાય છે.

ત્યારે નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં વાહનપુલ કચેરી દ્વારા તા.૧-૧-૨૧ થી આઉટસોર્સ ડ્રાઈવર અમૃતજી નટવરજી ઠાકોર ને આર.કે. સિકયુરીટી દ્વારા મોકલી આપવામાં આવ્યા હતા. ૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી ૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી આર.કે.સિકયુરીટી સર્વિસ એજન્સી હેઠળ તેમજ તા.૨-૧૨-૨૧- થી ૩૧-૮-૨૨ સુધી સબલાઈન રીસોર્સિસ પ્રા.લી એજન્સી હેઠળ અધિક સચિવની કચેરી ખાતે ડ્રાઈવર તરીકે અમૃત ઠાકોરે ફરજ બજાવી છે. જેથી વિભાગને ધ્યાને આવ્યું હતું કે આઉટસોર્સના કેટલાક કર્મચારીઓ બે જગ્યા પર ફરજ દર્શાવી આઉટસોર્સિંગની ખાનગી એજન્સી પાસેથી પગાર વસુલે છે. જેથી નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા તપાસ કરવામાં આવતા સેકટર-૧૩ રેસ્વે સ્ટેશન પાછળ છાપરા ખાતે રહેતા અમૃત નટવરજી ઠાકોરે જાન્યુઆરી-૨૦૨૧ થી ઓગસ્ટ ૨૦૨૨ સુધી રાજદીપ એન્ટરપ્રાઈઝમાં નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલયમાં માં સેવક તરીકે પગાર આપવામાં આવ્યો છે. જયારે તા.૧-૧-૨૧-થી ૧-૧૨-૨૧ સધી આર.કે.એજન્સી તેમજ ૨-૧૨-૨૧ થી ૩૧-૮-૨૨ સુધી સબલાઈન રિસોર્સસીસ પ્રા.લી. દ્વારા મુખ્ય ઈજનેર અધિક સચિવના કાર્યાલય નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં ડ્રાઈવર તરીકેનો પગાર મળી કુલ રૂ.૨.૭૮ લાખની સરકારી નાણાની હંગામી ઉચાપત કરતા સેકટર-૨૧ પોલીસ મથકે અમૃત ઠાકોર સામે ફરીયાદ નોંધાઈ છે. જયારે બે એજન્સીઓ દ્વારા વ્યાજ સહિત રકમ તંત્રને ચુકવી દેવામાં આવી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે આ જ વિભાગમાં અગાઉ એક ખાનગી એજન્સી હેઠળના ડ્રાઈવરે જ લાખો રૂપીયાનું ડીઝલ કૌભાડ આર્ચર્યું હતું.

ખૂણેખાંચરેથી

- આજે રવિવારની રજા હોવા છતાં ચૂંટણીની તૈયારીઓને લઈ કલેકટર કચેરી સહિતની કચેરીઓ ચાલુ રહી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો છે.
- જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝની નબળી કામગીરીએ તંત્રની ચિંતા વધારી છે.
- આજે કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રા જિલ્લામાં ફરશે. જિલ્લાની ત્રણ બેઠકોમાં આ યાત્રા જશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે અસહ્ય ગરમી હોવાથી લોકોએ ઘરે બેસીને વિશ્વકપની મેચો જોવામાં સમય પસાર કર્યો હતો.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ વ્યક્તીએ કોરોનાનો પ્રિકોશન ડોઝ લીધો નહિ તો શહેરમાં ૭ વ્યક્તીઓએ લીધો.
- પ્રાંત અધિકારી ગાંધીનગર વ ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી મોડિયા અને તેમની ટીમે મતદાન મથકોની મુલાકાત લીધી હતી.
- શિહોલી માટી ખાતે ભાજપના આગેવાનોએ ખેડૂત આગેવાનો સાથે બેઠક કરી કૃષિ ક્ષેત્રે લેવાયેલા મહત્વના નિર્ણયોની જાણકારી આપી હતી.
- હથિયારો જમા કરાવવા અંગેના આદેશો કલેક્ટરની સહિથી જારી કરાયા છે.
- નાંદોલ ખાતે તુલસીવિવાહનો કાર્યક્રમ સંપન્ન થયો છે.
- ચિલોડા સર્કલની આસપાસ બસસ્ટેન્ડ ન હોવાથી ટ્રાફિકના પ્રશ્નો વધ્યા છે તેમજ સર્વિસ રોડ પર પણ ટ્રાફિક જામના પ્રશ્નો ઉભા થયા છે.

ઉવારસદ સોનાટેકરી ખાતે દેવદિવાળીના ગરબાની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ઉવારસદ ગામે સોનાટેકરી ખાતે પ્રતિ વર્ષની જેમ દેવ દિવાળીના રોજ પરંપરાગત બ્રહ્માણી માતાજી ફુલોના ગરબાનું આયોજન ચાંમુડા માતાજીના મંદિર પાસે આવેલા ચાચર ચોક ખાતે કરવામાં આવ્યું છે.

ત્યારે આ ફુલોના ગરબામાં ભકતોના માનવ મહેરામણથી માતાજીનો ચોક ઉભરાશે. આ વર્ષે દેવ દિવાળીની ઉજવણી તા. ૮ મી નવેમ્બરના રોજ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે ગુજરાતના જાણીતા લોકગાયક અને ઢોલીવુડના હીરો રોહિત ઠાકોર ઉપસ્થિત રહીને ગરબાની રમઝટ બોલાવશે. ઉવારસદ ગામના ઠાકોર પરિવારના સભ્યો દ્વારા વર્ષોથી પરંપરાગત ફુલોના ગરબાનું સવિશેષ આયોજન કરવામાં આવે છે.

સોનાટેકરી ઠાકોર પરિવારના અબાલવૃધ્ધ સૌ કોઈ સાથે મળીને દેવદિવાળીની તૈયારીમાં લાગી ગયા છે. સોનાટેકરી વિસ્તારના યુવાનો ચાંમુડા માતાજી મંદિર અને ચોકને શણગારે છે.

જયારે વડીલો દ્વારા ગરબાને ફુલોથી શણગારવામાં આવે છે. સોના ટેકરીના ઠાકોર પરિવારો માટે દેવ દિવાળીએ દિવાળી કરતા પણ સૌથી મોટો તહેવાર છે. આ દિવસે વતન થી દુર રહેતા પરિવારો અને દિકરીઓ પણ ગરબા અને માતાજીના દર્શનાર્થે અચુક આવે છે. વર્ષમાં આ એક દિવસ એવો હોય છે, જયારે ગામમાં લગભગ તમામ પરિવારો અને તેમના સગાસંબંધીઓ એક સાથે જોવા મળે છે. ત્યારે હાલ ઉવારસદ ગામના સોના ટેકરી ખાતે ફુલોના ગરબાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આજે સે. ૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૬

માં મેલડી આનંદ ગરબા મંડળ સેક્ટર-૩-સી ના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો સુમિત્રાબેન પટેલ તરફથી સે. ૩-સી શક્તિચોક મંદિરમાં તારીખ ૭ ને સોમવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો રાખ્યો છે. તો સર્વે ભાવિભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

દેવ દિવાળી પર્વ નિમિતે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યુ છે. સેક્ટરે સેક્ટરે સ્નેહમિલન તથા આંનદનો ગરબો અને સુંદરકાંડના પાઠ યોજાઇ રહ્યા છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાય છે અને નવા વર્ષે શુભ સંકલ્પો સાકાર કરવા પાર્થે છે.

મેવા દ્વારા "ડેટા સાયન્સ" સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન (મેવા) ગાંધીનગર દ્વારા તાજેતરમાં "ડેટા સાયન્સ" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમેરીકાના ડેટા સાયન્ટિસ્ટ ગુલરેઝ ખાન અને ગાંધીનગરમાં આઈટી કંપની ચલાવતા હુસેન દાઉદી દ્વારા આ સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર તેમજ આસપાસના જિલ્લા વિસ્તારમાંથી પણ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહી સેમીનારમાં ભાગ લીધો હતો. આ સેમીનારને સફળ બનાવવા માટે મેવાના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

રણાસણ સર્કલ પાસે રાત્રીના સમયે કિશોરે મોબાઈલ ન આપતા શખ્સે છરી મારી

ગાંધીનગર, તા.૬

નાના ચિલોડા રણાસણ સર્કલ નજીક રોડ ઉપર બે પિતરાઈ ભાઈઓને બે લુંટારૂઓએ આંતરી એક ભાઈના પેટમાં છરી હુલાવી મોબાઈલ લુંટનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળ જતા લુંટારૂઓ અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખેડા જિલ્લાના કઠલાલ ખાતે રહેતો મોહમંદ યાસીન જસીર અહેમદ શાહ કેક અને બેકરી બનાવવાની કંપનીમાં છેલ્લા બે વર્ષથી નોકરી કરે છે. ગતતા.૩ ના રોજ મોહમંદનો નાનો ભાઈ તેમજ તેના કાકાનો દિકરો કઠલાલ ફરવા આવવા માટે યુપી થી નીકળ્યા હતા. આ દરમિયાન ગત રાત્રીના રોજ આ બંન્ને એ નાના ચિલોડા રીંગરોડ સર્કલ નજીક ઉતરી ગયા હતા. ત્યારબાદ બંન્ને ઉતરીને કઠલાલ જવા માટે વાહનો મળે તે દિશામાં જઈ રહ્યા હતા.તે દરમિયાન અંધારામાં નાના ચિલોડા પાસે બંન્ને ભાઈઓને બે શખ્સોએ આંતરી લઈને મોબાઈલ આપી દેવા માટે જણાવ્યુ હતું. જેથી મોબાઈલ નહી આપતા લુટારૂઓ ઝપાઝપી કરી રહ્યા હતા.

તે સમયે એક શખ્સે પોતાની પાસે રહેલું ચપ્પુ કાઢી સગીર યુવકના પેટમાં હુલાવી દીધુ હતું. જેથી કિશોરોએ હોહા કરતા લુંટારૂઓ નાસી ગયા હતા. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.જયારે બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ડભોડા પોલીસ મથકે શખ્સ ચિક્કાર દારૂ પીને પહોચ્યો

પોલીસે અરજીની તપાસ માટે શખ્સને બોલાવ્યો હતો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામના એક શખ્સને દારૂ પીને ધાક ધમકી આપવા મુદ્દે અરજીની તપાસ અર્થે ડભોડા પોલીસે મથકે હાજર થવા જણાવ્યું હતું. ત્યારે આ શખ્સ ચિકકાર દારૂ પીધેલી હાલતમાં હાજર થતા પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અરવિંદભાઈ પરમારે ડભોડા પોલીસ મથકે અરજી આપી હતી કે વડોદરા ગામનો કૌશિક પરમાર દારુ પીને ગાળો બોલી ધમકી આપે છે.

જેથી આ અરજીને આધારે ડભોડા પોલીસ મથકે થી ફોન કરીને કૌશિકને બોલાવ્યો હતો. ત્યારે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં કૌશિક પરમાર ડભોડા પોલીસ મથકે પહોંચી જતા હાજર સ્ટાફના જવાનો પણ સ્તબ્ધ રહી ગયા હતા. પોલીસ મથકમાં કૌશિક પોતાના શરીરનું પણ ભાન રાખી શકતો ન હતો.

ત્યારે પોલીસે લાલ આંખ કરતા કૌશિકનો દારૂનો નશો ઉતરી ગયો હતો. ત્યારે પોલીસે અરજીની તપાસ બાજુ પર મુકી કૌશિક પરમાર સામે પ્રોહીબેકટનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દેવ દિવાળી નિમિતે સેકટર-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે અન્નકૂટ

ગાંધીનગર, તા.૬

શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગર ખાતે રવિવારના રોજ દેવ દિવાળી નિમિતે શ્રી નરનારાયણ દેવને અન્નકૂટ ભકતો દ્વારા ધરાવવામાં આવ્યો હતો.

જયારે સવારે ૧૦ થી ૪ અન્નકૂટના દર્શન કરવા હરીભકતોની ભારે ભીડ જામી હતી.

નરનારાયણ દેવના અન્નકૂટની સાથે રાધાકૃષ્ણદેવ, ઘનશ્યામ મહારાજ, ગણપતિ મહારાજ, હનુમાન મહારાજ તેમજ સિધ્ધેવર મહાદેવજી પણ અન્નકૂટનો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

જયારે સવારે ૧૦ વાગે અન્નકુટ આરતી તેમજ બપોરે ૪ કલાકે ઉત્થાપન આરતી યોજાઈ હતી. અન્નકુટના દર્શન કરી સૌ ભકતોએ ધન્યતા અનુભવી હતી.

ચિલોડા કડવા પાટીદાર સિનિયર સીટીઝન કલબ દ્વારા ચોથું ભવ્ય સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૦૬

ચિલોડા ઉમિયાનગર સોસાયટી ખાતે કડવા પાટીદાર સિનિયર સીટીઝન કલબ દ્વારા ચોથું સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો જેમાં ૨૦૦ સિનિયર સીટીઝન ભાઈ બહેનોએ સાથે ૭૫ વર્ષ દેવતુલ્ય વડીલો અને ૫૦ વર્ષ લક્ષ્મી નારાયણ દંપતિનું મહાનુભાવો ના હસ્તે ચંદન તિલક કરી શાલ ઓઢાડીને વિશેષ સન્માન સાથે શુભેચ્છાઓ પાઠવવા આવી જેમાં ભોજન અને શાલના દાતાશ્રીનું સન્માનીત કર્યા મોરબી પુલ હોનારતના મૃતકોને મૌન પાળી શ્રધ્ધા જલી આપવાના આવી આ મ્પ્રસંગે વરિષ્ઠ નાગરિકોને સ્વરુચી ભોજન પીરસવવા આવ્યું વકતાશ્રી રતીભાઈ પટેલ વડીલોને હાસ્યશૈલી પ્રેરણાદાયી ઉદબોધન કરી સૌને રસપ્રદ પ્રસંગો સહિત ઉત્તમ સંદેશો આપ્યો હતો પીએલવી અને કલબના કન્વીનર નટુભાઈ પટેલ મહેમાનનો સ્વાગત અને પરિચય આપી પ્રસંશા વ્યક્ત કરી આવકાર આપ્યો આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સભામાં લાલજી કાકાએ પ્રસંગ ને અનુરૂપ સંદેશો આપ્યો આ પ્રસંગે ખૂબ શાંતિ પુર્વક વડીલોએ ઉમંગભેર લાભ લઈ અવસરને પ્રશંસનીય અને યાદગાર તરીકે સ્નેહમિલન કાર્યક્રમ પ્રસંગરૂપે ઉજવણી કરી આનંદ અને ઉમંગભેર વધાવી લીધો હતો

પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના પારૂલ પરમારને બ્રોન્ઝ મેડલ

ગાંધીનગર, તા.૬

પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૨૨ ટોક્યો, જાપાન ખાતે તારીખ ૧ થી ૬ નવેમ્બર દરમ્યાન આયોજન કરવામા આવ્યું હતું. જેમા આજે અંતિમ દિવસે ભારતનુ પ્રતિનિધિત્વ કરતા ગાધીનગરના પારૂલબેન પરમારે તથા મહારાષ્ટ્રની માનસી જોષીએ એસ.એલ. ૩ કેટેગરીમા વિમેન્સ સિગલ્સમા બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. પારૂલબેન હાલમા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતમા દિવ્યાગ ડિસ્ટ્રીક કોચ તરીકે ફરજ બજાવી રહ્યા છે. ટોક્યો ઓલ્મિપિકમા વિમેન્સ ડબલ્સમા દેશનુ પ્રતિનિધિત્વ કર્યુ હતુ.